
# અરે, ચૌધરી ચાચા તો માગે તે આપે, બોલો!

**નવ વર્ષની દીકરી શાળાએથી પાછી વળી પણ ઘેર ન પહોંચી. મોડે મોડે પહોંચી માત્ર એની ચૂંથાયેલી, વેરવિખેર, લોહિયાળ લાશ... શાળાએથી આવતાં એને એક 'ચાચા' ઢગલો એક ચોકલેટ આપતા. એને મોટરગાડીની સહેલ કરાવવા કહેતા... સમાજની આંખો ઉઘાડી નાખનાર વાર્તા...**




**એટલે અજય અને દિનકર તરત વિમલ કોલોની જવા તત્પર થઇ ગયા. રાધિકા એની એમ.એ.ની પરીક્ષા માટે વાંચતી હતી. એણે અનિચ્છાએ સાથે જવાનું ટાળવું પડ્યું**

રહસ્ય ચક્ર
★ યશવંત મહેતા

નગરમાં નવી જાતનો આતંક ફેલાયો હતો. નગરે અત્યાર સુધીમાં અપહરણો તો ઘણાં દીઘાં હતાં. વ્યક્તિગત વેર-વસૂલાત માટે અપહરણો થતાં. નાણાં પડાવવા માટે અપહરણો થતાં, પણ આવું... આવું કુત્સિત કામ કરવા માટેનું અપહરણ જાણીને તો સમસ્ત નગર ક્ષુબ્ધ બની ગયું હતું. ઊગતી કળી સમી નવ જ વર્ષની બાળકીનું એક નરાધમે અપહરણ કર્યું હતું. એની સાથે જંગાલિયત આચરી હતી અને પછી બહુ જ વરવી રીતે એની હત્યા કરીને એની લાશ ફેંકી દીધી હતી. આખી ઘટના જેટલી કુત્સિત હતી એટલી જ ભેદી હતી. આ કાળાં કામો કરનાર કોણ હોઇ શકે એની કશી જ કડી પોલીસને મળી નહોતી. સામે, ઘટના એટલી બધી ભયંકર હતી કે જનતા અને પત્રકારો ઊહાપોહ મચાવી રહ્યાં હતાં. મામલો નવરંગપુરા પોલીસ સ્ટેશનની હદમાં બન્યો હતો, પરિણામે આપણો દોસ્ત દિનકર દેસાઇ દબાણ હેઠળ હતો. અને એ દબાણ હેઠળ હોય ત્યારે સ્વાભાવિક જ ગુનાશોખક યુગલ અજય વર્મા અને રાધિકા ચેટરજી પર દબાણ આવી જતું. મિત્રને મદદ કરવાનું દબાણ.

એક સાંજે એ ત્રણે જણા મંગલમૂર્તિને સાતમે માળે આ કિસ્સાની જ ચર્ચા કરતા હતાં. ત્યાં રાધિકાને અચાનક પ્રેરણા થઇઃ 'અજયબાબુ! મરનાર છોકરી... શું એનું નામ?

'મૈથિલી રાવલ', માહિતી દિનકરે આપી.

'બરાબર... એ મૈથિલીની સાથે ભણનાર છોકરીઓને મળવું જોઇએ. સામાન્ય રીતે નવ-દસ વર્ષની છોકરી કુદરતી રીતે જ સાવધ બની ગઇ હોય છે. પરાયા પુરુષોની સાથે એ હળતા-મળતાં અચકાય છે. પણ જો કોઇએ તેની સાથે આત્મીયતા કેળવી હોય તો જ એની સાથે ક્યાંક જાય અને... ફસાય.' રાધિકાના આ મુદ્દાએ બેય ગુનાશોધકોને વિચારતા કરી મૂક્યા. એમણે તરત જ મૈથિલીની શાળાનાં હેડ મિસ્ટ્રેસને ફોન કર્યો. એની વર્ગ શિક્ષિકાને ફોન પર બોલાવી. વર્ગ શિક્ષિકાએ જણાવ્યું કે મૈથિલીની ખાસ બહેનપણી સુષ્મા દલાલ છે. સુષ્મા પ્રિયકાન્ત દલાલ. એ લોકો વિમલ કોલોનીમાં રહે છે.

એટલે અજય અને દિનકર તરત વિમલ કોલોની જવા તત્પર થઇ ગયા. રાધિકા એની એમ.એ.ની પરીક્ષા માટે વાંચતી હતી. એણે અનિચ્છાએ સાથે જવાનું ટાળવું પડ્યું.

અજય દિનકરે પ્રથમ તો પ્રિયકાન્ત દલાલનું ઘર શોધી કાઢ્યું. પોતાની ઓળખાણ બતાવી. પછી પ્રિયકાન્ત અને એની પત્ની અલકટ સાથે વાત કરી. કહ્યું કે તમારી દીકરીને થોડાક પ્રશ્નો પૂછવા છે. એને બીક લાગે કે આઘાત લાગે એવું કશું નહિ પૂછીએ. એટલે અલકા દીકરીને બેઠક ખંડમાં બોલાવી લાવી. રાતના નવેક વાગ્યા હતા સુષમા ઊંઘી ગયેલી. પરંતુ મમ્મીએ ખાસ કામ કહ્યું એટલે મોં પર પાણી છાંટીને સ્વસ્થ થઇ હતી.

સુષમા દસેકની જણાતી હતી. જરાક દૂબળી, ટૂંકા વાળવાળી અને તરલ આંખોવાળી. એને જોતાં જ લાગ્યું કે એ ભણવામાં હોંશિયાર હશે. અત્યારે વાળ વિખરાઇ ગયા હોવાથી તદ્દન માસૂમ બાલિકા લાગતી હતી. એને જોતાં અજયના દેહમાંથી એક લખલખું પસાર થઇ ગયું. મૈથિલી આવી જ માસૂમ હશે, આવડી જ હશે. એને-તાકડે પ્રિયકાન્તે વાત શરૂ કરી એટલે અજય વિષાદમય વિચારોમાંથી બહાર આવી ગયો. 'જો, બેટા,' પ્રિયકાન્તે કહ્યું. 'આ અજય અંકલ છે અને આ દિનકર અંકલ. એ તને મૈથિલી વિશે થોડુંક પૂછવા માગે છે.'

'પણ મૈથિલી આજે સ્કૂલ જ નથી આવી, પપ્પા'

'અમને ખબર છે, દીકરા,' દિનકરે કહ્યું. પછી ઉમેર્યું. 'મારા ઘેર પણ તારા જેવડી જ એક દીકરી છે, બેટા.'

'કેટલાં વરસની?'

'નવ'.

'તો એ કાંઇ મારા જેવડી ન કહેવાય. મને તો દસ થયાં!' સુષ્માએ પણ વસુલતી પ્રતિસાદ કર્યો. 'હા, બેટા... સાવ તારા જેવડી તો નહિ, પણ મૈથિલી જેવડી ખરી!

એને નવ વર્ષ જ થયાં છે, ખરું ને?'

'બરાબર. મૈથિલી હજુ નવ વરસની હતી. વીસ દિવસ પછી દસમી બર્થડે આવવાની હતી,' સુષમાએ જણાવ્યું પછી એકાએક પૂછ્યું, 'તમે ડિટેક્ટીવ છો?'

'હા, બેટા.'

'અજય વર્મા જેવા? હું એમની વાર્તાઓ વાંચું છું!'

અને એ અજય-દિનકરને ઘડીભર ટગર ટગર જોઇ રહી. વાર્તામાં કે ટીવી પર જેની વાત આવતી હોય તે ડિટેક્ટીવોને પ્રત્યક્ષ જોતાં છોકરીને રોમાંચ થાય તે સ્વાભાવિક હતું. અને ડિટેક્ટીવોની કામગીરી વાંચનાર સુષમાએ આ બંનેના આગમનનું કારણ પણ કલ્પી લીધું. 'શું તમે મૈથિલીને શોધવા નીકળ્યા છો? એણે કાંઇ કર્યું છે?... કાંઇ બેન્ક રોબરી જેવું?'

'તને તો ખબર જ હશે, દીકરી', અજયે સૌમ્ય સ્વરે કહ્યું. 'ડિટેક્ટીવો સવાલો પૂછે છે. સવાલોના જવાબ આપતા નથી.' 'ઓહ!' સુષ્માને બહેનપણીઓ સાથે ચગાવવાનો મુદ્દો સરી ગયો લાગ્યો. ઘડીભર થયું કે મારાથી રહસ્ય છુપાવનાર આ ડિટેક્ટીવોને કહી દઉં કે જાવ, તમારા સવાલોના જવાબ હું પણ નહિ આપું! ટીવી સીરિયલોમાં કેટલાય લોકો ડિટેક્ટીવોને ડેપો જ દેખાડે છે. પરંતુ મમ્મી-પપ્પા હાજર છે. એ ઇચ્છતા હોવાં જોઇએ કે મારે જવાબ દેવા. સુષ્મા આખરે એક આજ્ઞાંકિત 'ગૂડ ગર્લ' હતી. એણે ડિટેક્ટીવો સામે ચહેરો ઊંચક્યો. પ્રશ્નોની પ્રતીક્ષામાં.

'તું અને મૈથિલી સ્કૂલેથી સાથે સાથે ચાલતાં ઘેર આવો છો, ખરું ને?'

'લગભગ રોજ.'

અજયને આ જવાબ ગમ્યો. છોકરી બુધ્ધિશાળી હતી. લગભગ રોજની ક્રિયામાં ક્યારેક વિક્ષેપ આવે છે એટલું સમજવાની અને જણાવવાની તેનામાં ક્ષમતા છે. એણે આગળ પૂછ્યું. 'ગઇ કાલે તમે સાથે આવેલાં?'

'અમારી સોસાયટીના નાકા સુધી. પછી મૈથિલી આગળ ચાલેલી. એનું ઘર અહીંથી ત્રીજી કોલોનીમાં છે. કમલ કોલોની.' 'એ સીધી ઘેર જ જવાની તી કે બીજે ક્યાંય?' 'ગઇ કાલે સાંજે હું એની સાથે બોલતી નહોતી. મેં એ કિટ્ટા કરી હતી.'

'કિટ્ટા કરી હતી? કેમ?'

'એ મને ચોકલેટ આપતી નહોતી. એની પાસે ચોકલેટના ત્રણ પાસા વધ્યા હતા, છતાં એક ટુકડો મને દેતી નહોતી.' 'ચોકલેટના ત્રણ પાસા?' મિલ્ક ચોકલેટ?'

'હા, જેમાં આઠ ટુકડા આવે છે.' 'આટલી બધી ચોકલેટ એની પાસે ક્યાંથી?' 'એ કહેતી'તી કે ચૌધરી ચાચાએ આપી. પણ એના કોઇ ચાચાનુંનામ ચૌધરી ચાચા છે જ નહિ ને!' આ સાંભળતાં જ પ્રિયકાન્તના મસ્તકમાં ક્યાંક ખટકો થયો. એણે અલકા ભણી જોયું. અલકાનું રુવેરુવુ રામ બાણની જેમ તંગ થઇ ગયું હતું. અત્યારે કોઇ એના પર ગજ ફેરવે તો સારેગમ વાગે! એણે એ પણ જોયું કે અજય પ્રશ્નો કરે છે અને દિનકર સુષમાને બારીકાઇથી તાકી રહ્યો છે. એ પણ સખત રીતે તંગ છે. એને પણ સુષમા જેવડી અને મૈથિલી જેવડી દીકરી છે.

'ચૌધરી ચાચા એના ચાચા નથી તો કોણ છે, બેટા? મૈથિલીને ચોકલેટ આપનાર કોઇક છે જ ને!' અજય પૂછતો હતો. 'હા, એ તો છે જ તો. હું તો એમ કહેતી'તી કે એના સગા કોઇ ચૌધરી ચાચા નથી; પણ ચોકલેટ આપનારા ચાચા તો છે જ ને! કહે કે મારા ચૌધરી ચાચા મને ઢગલોએક ચોકલેટ આપવાના છે. અરે, એ તો કહે ચૌધરી ચાચા એને મોટરમાં સહેલ કરાવવાના છે. ઝૂ અને બાલવાટિકામાં લઇ જવાના છે. ચૌધરી ચાચા તો માગો તે આપે, બોલો!'. પ્રિયકાન્ત આડું જોઇ ગયો. પેલા માણસે બાળાને કઇ હદે વશ કરી હતી! એણે સિગારેટ સળગાવવા કોશિશ કરી. હાજ ધ્રૂઝી હતા. સિગારેટ માંડ સળગી. એણે બે ડગલાં ચાલીને બારી નજીક ઉભા રહીને ધુમાડો બહાર ઉડાડયો. પરંતુ એની તમન્ના સળવળતી હતી કે પેલો અજાણ્યો ખૂની અમારી વાતો ચૂપચાપ સાંભળતો દેખાય અને હું હનુમાનજીની માફક એની ઉપર કૂદી પડયું...

અજય અને સુષમા વચ્ચે જે સંવાદ થતો હતો તે જાણે દૂર દેશથી આવતો અવાજ તો. એ લોકો મૈથિલી વિશે જ વાતો કરી રહ્યા હતા, પરંતુ પ્રિયકાન્તની નજર સમક્ષ તરતી હતી નવેક વર્ષની બાળકીની અત્યાચારગ્રસ્ત, ચૂંથાયેલી લોહી નીતરતી લાશ, જે શહેર બહારના એક રાજમાર્ગના ગરનાળા પાસેથી મળી હતી. પ્રશ્નોત્તરમાં વારંવાર ઝળકી જતો હતો. ચૌધરી ચાચાનો ખૂની ખવીસ ચહેરો? પ્રિયકાન્ત માની જ શકતો નહહોતો કે પોતાના પડોશમાં આવું બની શકે. અહીં તો બધા પાપભીરુ મધ્યમવર્ગીસ્થ વસતા હતા. છતાં કોઇક શેતાન અહીં પહોંચી ગયો હતો. એણે એક કુમળી કન્યાને ચૂંથી હતી. કાલે કદાચ બીજી... ત્રીજી... આજે જે મૈથિલી સાથે બન્યું તે કાલે સુષમા સાથે બની શકે. એ ભયંકર વિચારે પ્રિયકાન્તને ધ્રુજાવી મૂકયો. અજય પોતાની પ્રશ્નપરંપરાને લગભગ છેડે આવ્યો હતો. 'બેટા, તને મૈથિલીની અને ચૌધરી ચાચાની બીજી કશી વાત જાણવા મળે તો તારા પપ્પાને જાણ કરજે, હં.' સુષમાએ માથું હલાવ્યું. પરંતુ પ્રગટપણે શંકા કરી.' 'હું કંઇ વાત કરું એમાં મૈથિલીને કશી પનિશમેન્ટ તો નહિ થાય ને? મૈથિલીને કશું થઇ તો નથી ગયું ને?' ત્યારે અલકા એકદમ આગળ આવી. એણે સુષમાને બરડે અને માથે હાથ ફેરવતાં કહ્યું, 'મૈથિલીને કશી પનિશમેન્ટ નહિ થાય, બેન. હું તને બધી વાત કરીશ. અત્યારે તો આ બંને અંકલોને બાય બાય કહી દે. બેટા!' એટલે સુષમાએ હાથ હલાવ્યો. 'બાય, ડિટેક્ટીવ અંકલ! બાય, ડિટેક્ટીવ અંકલ!' પ્રિયકાન્ત બાળકીના બોલ ગંભીરપણે મનમાં ઘૂંટી રહ્યો... મૈથિલીને પનિશમેન્ટ તો નહિ થાય ને... અરેરે, દીકરી મૈથિલી તો હવે બધા પનિશમેન્ટથી પર બની ગઇ છે! પણ આપણે જોવાનું છે કે બીજી કરોડો મૈથિલીઓને આવી યાતના ભોગવવી ન પડે...

**(વાચક મિત્રો! આજકાલ આખા દેશ પર જે આફત ઊતરી છે, એને કેન્દ્રમાં રાખીને લખાયેલી આ વાર્તા અમારે મન તો એક જાતની સમાજસેવા છે. આગળ વાંચતા રહેવા વિનંતી છે. દરમિયાનમાં જોઇએ ગત રહસ્યકથાનો ઉકેલ.)**

**રહસ્યકથા 'કેદી નં. 975'નો ઉકેલ**

***'સાંભળ, કેશવ!' અજયે વળી એક અડબોથ મારતાં કહ્યું. 'ગણુ બાપટને તારા હીરાની ચોરીના ધંધાની ખબર પડી ગઇ હતી. અને તારા એક વખતની ચોરીના હીરા એણે ઉઠાવી લીધા હતા. છુપાવી દીધા હતા. તું એને કશું કરી શકે તે પહેલાંવળી એ મારામારી કરીને જેલમાં ગયો. પણ જેવો એ જેલમાંથી નીકળ્યો એવો જ તેં એને ઉઠાવ્યો અને કયાંક ગોંધી રાખ્યો. અચ્છા, આ જ ભોંયરામાં! પણ એની પાસેથી હીરા મળ્યા નહિ.... એ એના ઘરની આ થેલીમાં પણ ઈંટાળા મળ્યાં. જો તને હીરા મળી આવ્યા હોત તો તેં એને મારી જ નાખ્યો હોત. એ જીવતો છે, કારણ કે તને હજુય આશા છે કે એને ત્રાસ આપીને હીરાનું ઠેકાણું જાણી શકાશે! પણ એણે તો સાવ અદ્‌ભુત રીતે હીરા છુપાવ્યા છે!' 'કયાં છુપાવ્યા છે?' 'પહેલા ચાલ, ગણુને મુકત કરીએ.' કેશવે ભોંયરામાં પડેલી લાકડાની મોટી પાટ હેઠળ બાંધી રાખેલા ગણુને મુકત કર્યો. દરમિયાનમાં અજયે બોલાવેલી પોલીસને કેશવની સોંપણી કરતાંઅજયે રહસ્ય ખોલ્યું, 'એણે હીરા બૂટની મોટીએડી પોલી કરીને છુપાવ્યા હતા.'***